ક્રમાંક:મઉમશબ/ગ/હે-૬/૧૪૬૯/૧૫૫૮
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦-બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૫/૨/૦૫.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી(તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- બોર્ડની જાહેર પરીક્ષાની ''મધ્યસ્થ મુલ્યાંકન''ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને વળતર રજા મંજુર કરવા બાબત.
સંદર્ભ:- બોર્ડની તા.૨૮/૯/૦૪ની કારોબારી સમિતિના ઠરાવક્રમાંક: ૨૮૭/૨૦૦૪.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ચાલુ શાળા દરમ્યાન ''મધ્યસ્થ મુલ્યાંકન'' ની કામગીરી કરનારા શૈક્ષણિક કર્મચારીઓને રવિવાર અને જાહેર રજા દરમ્યાન કરેલ કામગીરીની રજા આપવા બાબતે બોર્ડની તા.૨૮/૯/૦૪ની એ કારોબારી સમિતિમાં બાબત રજુ કરવામાં આવી હતી. સમિતિના ઠરાવ ક્રમાંક:૨૮૭/૨૦૦૪ અન્વયે બોર્ડની જાહેર પરીક્ષાના ''મધ્યસ્થ મુલ્યાંકન''ની કામગીરી માટે જાહેર રજા/રજાના દિવસોએ કામગીરી કરનાર કર્મચારીને વળતર રજા આપવાનું ઠરાવવામાં આવ્યું છે. તો તે અંગેની જાણ આપના તાબા હેઠળની શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

નોંધ:-

રવિવાર અને જાહેર રજામાં જેટલા દિવસ કામ કર્યું હોય તેટલા દિવસની વળતર રજા મળવાપાત્ર થાય પરંતુ વળતર રજા જે તે શૈક્ષણિક વર્ષમાં જ ભોગવી લેવાની રહે છે. વળતર રજાને સર્વિસબુકમાં રજાના હિસાબમાં ઉધારવાની નથી જેની ખાસ નોંધ લેવી.

સહી/-
(વી.બી.નાણાવટી)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ક્રમાંક:૫ ૧/માધ્ય/૦૫-૦૬/૮૨૭
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
વઢવાણનો ઉતારો, રાજકોટ.
તા. ૧૬ /૪/૨૦૦૫.

પ્રતિ,
આચાર્યશ્રી/આચાર્યશ્રી,
સરકારી/બિન સરકારી (ગ્રાન્ટેડ) શાળાઓ, તમામ
જિલ્લો:- રાજકોટ

બોર્ડ કામગીરી સંદર્ભે વળતર રજા મંજુર કરવાની ઉક્ત જોગવાઈથી વાકેફ થવા અને અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ.